બાય વેબસાઇડ

સુધારો

જા.નં./મા-૨/વસ્તી ગણત્રી/રજા/૨૦૧૦-૧૧/૨૦૧૨/ ૫૭૬૪૨-૫૮૩૪૦

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
જિલ્લા સેવા સદન-૨,બી-૩,
અઠવાલાઇન્સ,સુરત.
તા.૨૦/૭ /૨૦૧૨.

પ્રતિ,
આચાર્યશ્રી,/આચાર્યશ્રી,
સુરત શહેરની તમામ ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ માધ્યમિક/ઉ.મા.શાળાઓ

વિષયઃ-સને ૨૦૧૦-૧૧ ની વસ્તી ગણત્રી બાબત.
સંદર્ભઃ-(૧) આ કચેરીના જા.નં.મા-૨/વસ્તી ગણત્રી/૨૦૧૧/૨૬૦૬-૦૮ તા.૧૯-૧-૨૦૧૧.
(૨) આ કચેરીના જા.નં. મા-૨/વસ્તી ગણત્રી/રજા/૨૦૧૦-૧૧/૨૦૧૨/૫૭૧૬૭ તા.૧૭-૭-૨૦૧૧.

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે,વસ્તી ગણત્રી -૨૦૧૧ અંતર્ગત પ્રથમ તબકકામાં તા.૨૨-૪-૨૦૧૦ થી તા.૨૦-૬-૨૦૧૦, (વેકેશન ગાળામાં) અને બીજા અંતિમ તબકકાની કામગીરી ૬ ફેબ્રુઆરી-૨૦૧૧ થી ૬ માર્ચઃ-૨૦૧૧ દરમિયાન યોજાયેલ સુરત મહાનગરપાલિકા હદ વિસ્તારની વસ્તી ગણત્રીની કામગીરી માટે સુરત મહાનગરપાલિકાના સ્ટાફ,વિવિધ સરકારી કચેરીઓ સહિત ખાનગી માધ્યમિક,ઉ.મા.ગ્રાન્ટેડ,નોન ગ્રાન્ટેડ શાળાના કર્મચારીઓને ગણત્રીદારો/સુપરવાઇઝર તરીકે નિમણૂંક કરવામાં આવેલ હતી.

ઉકત કામગીરી માટે જે શિક્ષકોની ગણત્રીદાર/સુપરવાઇઝર તરીકે નિમણૂંક કરવામાં આવેલ હતી તેમનું ફરજ બજાવ્યા અંગેનું પ્રમાણપત્ર શાળા કક્ષાએ મેળવી લેવાના રહેશે.પ્રમાણપત્રના આધારે રજા માં કરેલ કામગીરી ને ધ્યાને લઇ મળવાપાત્ર રજા સેવાપોથીમાં જમા લેવાની રહેશે.વધુમાં વધુ કરેલ કામગીરી માટે પ્રમાણપત્રના આધારે ૧૮ રજા મળવાપાત્ર રહેશે.

શિક્ષણ સહાયકને આચાર્યની મંજૂરીથી ઉકત સમયગાળામાં રજાના દિવસે કરેલ કામગીરી માટે વળતર રજા મળવાપાત્ર રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિલ્લો સુરત